**હાજી ડી.વી.અધારીયા જાફરી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં 'દેશભક્તિ ગીતની સ્પર્ધા'નું આયોજન**

હાજી ડી.વી.અધારીયા જાફરી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં તારીખ ૧૦/૦૮/૨૦૧૭ ગુરુવારના રોજ 'દેશભક્તિ ગીતની સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. સમગ્ર પ્રોગ્રામનું એન્કરીંગ હોલા રોજત અને મજાદરિયા ફતેહઅલી એ કર્યું હતું. મકતબા જાફરીયાની પરંપરા પ્રમાણે સ્પર્ધાની શરૂઆત કરતાં પહેલાં મલપરા કામિયાબ અલી અને ભોરણીયા મહેંદી અલી એ કુઆઁનની તિલાવત કરી હતી. તિલાવત બાદ આ શાયરી દ્વારા પ્રોગ્રામની શરૂઆત થઇ હતી.

'બાત યે હવાઓકો બતાયે રખના

જહાઁ રોશન હોગા, દિયે જલાયે રખના

કિ હૈ હિફાઝત લહૂ દે કર જિસકી હમને

મનમેં સદા ઉસ તિરંગેકો બસાયે રખના'.

આ દેશભક્તિ ગીત સ્પર્ધામાં કોલેજનાં ૨૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ભાગ લેનાર બધા જ વિદ્યાર્થીઓએ પોત-પોતાનાં અંદાજમાં દેશ-પ્રેમ વ્યક્ત કાર્યો હતો. સ્પર્ધા દરમિયાન દેશને લગતી શાયરીઓ સાંભળીને શ્રોતાઓમાં પણ દેશ સાથે જોડાયેલી ભક્તિ-ભાવના વ્યક્ત થતી હતી.

'આઓ દેશકા સમ્મ્માન કરે

શહીદોકી શહાદત યાદ કરે

હમ હિન્દુસ્તાની અપને હાથ ધરે

આઓ સ્વાતંત્ર્ય દિવસ કા માન કરે'.

વિદ્યાર્થીઓના ગીત પૂર્ણ થયા બાદ તરત જ તાળીઓ નો ગળગળાટ જોવા મળ્યો હતો. દેશભક્તિ ગીતની સ્પર્ધાનું ઓબ્ઝેર્વેશન પ્રોફેસર કે.ટી.ડેરીયા, આસિ. પ્રોફેસર નૈયા જીગર અને આસિ. પ્રોફેસર

આબિદ હુસૈન કડીવાલાએ કર્યું હતું. વિદ્યાર્થીઓને ત્રણ ક્રમ આપવામાં આવ્યા હતાં.જેમાં, (૧) અસામદી શબ્બીર હસન (૨) નાંદોલિયા નજમા ફાતેમા.કે. (૨) મોમીન મોહંમદઅલી અને મલપરા મોહંમદ અબ્બાસ (૩) રાઠોડ મનીષા એમ. એ મેળવ્યો હતો. પ્રોગ્રામના અંતમાં આસિ. પ્રોફેસર જનાબ મુમતાઝ હુસૈન સાહેબે ઈસ્લામમાં વતનપરસ્તીને સ્થાન આપવામાં આવ્યું છે તેમ જણાવતાં ઈલ્મનું મહત્વ સમજાવ્યું હતું અને કોલેજ પરિવાર તરફથી બધાંનો આભાર વ્યક્ત કર્યો હતો.

સંકલન: મોહસીના બાનું આઈ.બુખારી